કીંમત ૦-૧-૩. સોદાગર. સને ૧૮૮૭.

સ્ટાન્ડર્ડ કાપી બુક.

૩૫૫૮૭

નંબર ૫.

છાપનાર—"સુરત સોદાગર પ્રેસ" દરિયા મહેલ.

આ કાપી બુક સઘળા સરકારી તથા ખાનગી બુક ડીપોમાંથી વેચાતી મળશે

LEASE OF GROUND.

ગણોતનામું.

સંવત ૧૯૪૦ના ચૈત્ર સુદ ૨ને વાર સનેઊ, તા૦ ૨૯ મી માર્ચ સને ૧૮૮૪ અંગ્રેજી દિને તાલુકે જલાલપુરનુ ગામ મોજે મટવાડના રહેનાર શા. લખા દલાજી જાતના શ્રાવક વાણિઆ ઊંમર આશરે વર્ષ ૬૫ના ધંધા-વ્યાજુનો, જોગ લી૦ એજ ગામ વાસી ટંડેલ મોઆ ગોવન જાતના કોળી ઊમ્મર આશરે વર્ષ ૬૦ની ધંધા વહાણ ફેરવવાનો જત લખી આપું છું કે, તમારા લેણામાં મારી મિલકત તમને કબજાગીરો આપી છે. એ મિલકત પેસ્તરથી મારા કબજા વહીવટમાં ચાલી આવલી, તે ગીરોના હકથી તમારા કબજામાં આપેલી, તે ગણોતના હકથી મારા કબજામાં લીધી છે. તેની વીગતઃ-ડિસ્ટ્રિકટ સુરત સબ ડિસ્ટ્રિકટ જલાલપુરનું ગામ મોજે કરાડીમાં મારા નામથી સરકારી ચડખાતું છે, તે પૈકી નીચે મુજબની જમીન સર્વે જાતના ઝાડો સહિત.

સર્વે નંબર.	જમીનની જાત.	એકર.	આકાર.	એમાંથી કેટલી.	ઊત્તર.	દક્ષિણ.	પૂર્વ.	પશ્ચિમ.
૯૫	જરાયત.	૨—૧૯	૧૩—૮	નીમેની	ખાંજણ.	ખાંજણ.	ખાંજણ.	પૂર્ણા નદી.

ઊપર મુજબની મિલકત સર્વે જાતના હક સહિત તમારી પાસેથી ગણોત તથા કિરાયા માટે વરસ ૧ના ગણોતના રૂપિઆ ૧૫) અંકે પંદર કંપની સિકાના હરસાલ જેઠ સુદ ૨જે આપવા સહી. એ જમીનના સરકાર ધારાના રૂપિઆ મારે ભરવા સહી. એ જમીન અમો ખેડીએ અગર પડતર રાખીએ, પાકે અગર ન પાકે, કાંઈ આસમાની સુલતાની આફત લાગે, તોપણ અમારે તમને ઊપર લખેલા ગણોતના રૂપિઆ ઉપરની ઠરાવેલી મિતિએ આપવા સહી. એ જમીનના હદ નિશાન અમારે રાખવી સહી. તેમજ ખાતર પુંજો વિગેરે નાંખી જે દુરસ્ત કરવાનું હશે, તે [illegible]નું સહી. સદરહુ ગણોતના રૂપિઆ ઊપરના [illegible]ને મિતિ ચુકાય. તો તે મિલકત તમો [illegible]ને [illegible]વા મુખત્યાર નહિ [illegible] વંશવારસોથી તથા મારી સર્વ તરેહની મિલકતથી વસુલ કરવા તમે મુખત્યાર છો. આ દસ્તાવેજ અમે અમારી રાજીખુશીથી, અક્કલ હોંશિઆરીથી, બિન કેફ અને તનદુરસ્તીથી લખી આપ્યો છે, તે કબૂલ મંજુર સહી. દા૦ કલ્યાણજી વસનજીના છે.

અત્ર ________ મતું   તત્ર ________ શાખ.

ટંડેલ મોઆ ગોવન મતું ઊપર લખ્યા પ્રમાણે સહી દા૦ પોતાના છે.

૧ દેવચંદ જેચંદ શાખ દા પોતાના.

૧ રામસિંગ અમરસિંગ શાખ દા૦ પોતાના.

WILL.

વિલનામું.

સંવત ૧૯૪૦ના ચૈત્ર શુદ ૨ને વાર સનેઊ, તારીખ મી માર્ચ શને ૧૮૮૪ અંગ્રેજી દિને કસ્બે ગણદેવીના

૩૫૫૮

नोम्नरान्सत्य बोलवुं, ऎ माणसनुं कर्तव्य छे.

अहोनिश सत्य बोलवुं, ए माणसनुं कर्तव्य छे.

ઑસ્ટ્રેલિઆમાં અંગ્રેજને ઈ.સ. ૧૭૭૮ માં વસાહ.

ઈંગ્લાંડની શ્રેષ્ઠતા ત્યાંની વિદ્યા અને કળાથી છે.

नौकाशास्त्रना अभ्यासथी कोलम्बसे अमेरिका शोध्यो

नौकाशास्त्रना अभ्यासथी कोलम्बसे अमेरिका शोध्यो.

થરપાર્કરના ઉમરકોટ શેહેરમાં અકબર જન્મ્યો હતો.

ધનના કરતાં વિદ્યાની કિંમત હંમેશા વધારેજ થશે.

आस्ट्रेलिआमां अंग्रेजो इ.स.१७७८मां वसवा मंडया.

इंग्लांडनी श्रेष्ठता त्यांनी विद्या अने कळाथी छे.

ઈશ્વર દયાળુ છે, અને મનુષ્યનો મુક્તિદાતા છે

ઉત્તર અમેરિકાનાં ૧૩ સંસ્થાનો ૧૭૭૬ થી સ્વતંત્ર છે

ईश्वर दयाळु छे, अने मनुष्यनो मुक्तिदाता छे.

उत्तर अमेरिकानां १३ संस्थानो १७७६ थी स्वतंत्र छे.

ઊંટને બે ઢેકા હોયછે, એવાં ઊંટ ગોબીના રણમાં થાયછે.

એણિયો સારામાં સારો સકોટ્રા બેટમાં થાયછે.

ऊंटने बेढेका होयछे, एवां ऊंट गोबीना रणमां थायछे.

एळियो सारामां सारो सकोट्रा बेटमां थायछे.

ऐतिहासिक बाबतनो संबंध अर्थशास्त्र साथे छे.

ओतावा, ए नामनी नदीपर कानडानुं मुख्य शेहेर छे

ऐतिहासिक बाबतनो संबंध अर्थशास्त्र साथे छे.

ओटावा, ए नामनी नदीपर कानडानुं मुख्य शेहेर छे.

ઔટ્રામે ૧૮૫૭માં જજનોમાંના અંગ્રેજ કેદીને છોડ્યા.

અંગ્રેજી રાજ્યમાં કદિ પણ સૂરજ આથમતો નથી

ओद्रामे १८५७मां लखनौमांना अंग्रेज केदीने छोडव्या.

अंग्रेजी राज्यमां काद पण सूरज आथमतो नथी.

क्लाइवे प्लासीनी लडाई जीती, ब्रिटिश राज्य स्थाप्युं.

खैबर घाटथी अंग्रेज सेना अफघानिस्तानमां पेठी

क्लैवे प्लासीनी लडाई जीती, ब्रिटिशराज्य स्थाप्युं.

खैबर घाटथी अंग्रेजी सेना अफघानिस्तानमां पेठी.

ગિનીમાં મનરોવિઆ શેહેર અમેરિકન લોકનું છે.

ચીનાઓએ છાપવાની કળા, દારૂત ને હોકાયંત્ર શોધ્યાં.

गिनीमां मनरोविआ शेहेर अमेरिकन लोकनुं छे

चीनाए छापवानी कळा, बारुत ने होकायंत्र शोध्यां

છપ્પન કોટિ ઉદ્યોગોના નાશનું મૂળ મશ્કરીજ છે.

જર્મન પ્રજાથી વધારે ઉદ્યોગી પ્રજા બીજી કોઈ નથી

छप्पनकोटि जादवोना नाशनुं मूळ मश्करीज छे.

जर्मन प्रजाथी वधारे उद्योगी प्रजा बीजी कोई नथी.

ટપાલ ખાતામાં કેટલીક સોઈ લૉર્ડ ડલહૌસીએ કીધી.

ઠાર, બરફ, કરા, એ વરાળનાં સંકોચિત રૂપ છે.

टपाल खातामां केटलीक सोई लॉर्ड डलहोसीए कीधी.

ठार, बरफ, करा, ए वराळनां संकोचित रूप छे.

डलहोसीनी कारकीर्दिमां हिंदमां रेलवेनो प्रारंभ थयो

ढाका शैहेर, तेनी मलमलने माटे प्रख्यात छे.

ડલહૌસીની કારકીર્દિમાં હિંદમાં રેલ્વેનો પ્રારંભ થયો.

ઢાકા શેહેર, તેની મલમલને માટે પ્રખ્યાત છે.

થરપાર્કરના ઉમરકોટ શેહેરમાં અકબર જન્મ્યો હતો.

ધનના કરતાં વિદ્યાની કિંમત હંમેશા વધારેજ થશે.

રહેનાર શા૦ ભીખા લીંબાજી જાતના વીશા પોરવાડ વાણિઆ ઊમ્મર આશરે વર્ષ ૪૫ની, ધંધા વ્યાજુનો, જત હાલમાં મારી તબીઅત સારી છે, પણ દુનિઆમાં જે કોઇ પેદા થયું, તેને મરવું હક છે એમ જાણી આકપેદ અંદેશાનો વિચાર કરી આ મારૂ છેલ્લું વિલ, યાને વસિયતનામું કરૂં છું.

૧. મારે પેટે છોકરો નથી. મારા સગામાં મારી મા, બાઈ લક્ષ્મી તથા મારી બેન નામે લલિતા તથા એ મારી બેનનો છોકરો દુલ્લભ જેગાજી તથા મારી છોકરી જમના, તથા મારી મામી અમૃત, એ રીતે હાલ હયાત છે તેમાં મારી માતા વૃદ્ધ થએલાં છે, અને મારી છોકરી સગીર છે. વળી મારો ભાણેજ દુલ્લભ પુરૂષ છતાં લાયક ઊમરનો અને વેપાર રોજગારમાં ઘણો હોંશિઆર છે, તથા મારી મિલકત તથા મારા લેણદેણનો વહીવટ કરી શકે એવો લાયક છે, એટલુંજ નહિ પણ તેના ઊપર મારી માયા મમતા ઘણી છે.

૨. મારી મિલકતમાં સ્થાવર ને જંગમ બેઊ છે, તે નીચે મુજબ:-

૨૨) કસબે ગણદેવીમાં છજેરી છાપરૂં ૧ તથા એને લગતી ખુલી જમીન તેમાંના ઝાડો સાથે તીમે હરગાજીમાંથી ખરીદ કરેલી કિમ્મત રૂ ૨૨) બાવીશની. પુર્વે સરિયામ પશ્ચિમે લુહાર દુલ્લભ નાનાનું છાપરૂ તથા ઊત્તર અને દક્ષિણે સરિયામ છે.

૯૦) કસબા મજકુરના ઘાંચીવાડામાં ઘર ૧ તેના વાડા તથા તેના લાગતા વળગતા હકો સાથેનું શુમારે રૂપિઆ ૯૦) ની કિમ્મતનું હરગાજીમાંથી મેં ખરીદ કરેલું. દક્ષિણે આગલું બારણું તથા સરિયામ, ઊત્તરે એ ઘરનો વાડો, મુરીને મીયાંની વાડની હદ. પુર્વે પારશી રતનજી કુવરજીનું ઘર અને પશ્ચિમે તાઈ મરીઅમ ફતેહનું ઘર છે.

૪૧) કસબા મજકુરના રેહેનાર ગોલા લક્ષ્મીદાસ દયારામ પાસે લેણું રૂ ૪૧) એકતાળીશનું તેની સાનમ તેનું કસબા મજકુરનું ઘર ગીરો છે ને તે બાબતનો લેખ તેણે મને લખી આપ્યો છે.

૪૫૧) કસબે ગણદેવીના રેહેનાર જીવા અભરામ પાસે લેણું રૂ ૪૫૧)નું છે. તેના અવેજમાં તેનું ઘર ગીરો છે, કે જે બાબતનો લેખ તેણે મને લખી આપયો છે.

૮૬) કસબે ગણદેવીના રહેનાર ઘાંચી સુલેમાન હુસેન પાસે લેણા રૂ ૮૬) સવાછયાશી છે, તેના દસ્તાવેજ છે.

૧૨૫) કસબે ગણદેવીના રેહેનાર દુલભ દયારામ પાસે લેણું રૂ ૧૨૫)નું છે. તેમાં તેણે તેનું ઘર કસબા મજકુરમાંનું લખી આપયું છે.

૬૫) કસબા મજકુરના રેહેનાર ઘાંચી સુલેમાન હુસેન વિગેરે પાસે લેણું રૂ ૬૫)નું છે. તેમાં તેણે તેનું ઘર કસબા મજકુરમાંનું લખી આપયું છે.

એ સિવાય શામળદાસ ખાતાદીના ખાતાથી તથા રોજનામા ખાતાવહીની વિગતો પરથી મારૂં કેટલુંક લેણું છે. ઘરમાં પેટી પટારા વિગેરે રાચરચીલું, અને રોકડ પુંજી ઊપર મુજબ મારી મિલકત છે. તે મિલકતનો હું જીવું ત્યાં સુધી વહીવટ કરૂં, ને હું ગુજરી ગયા બાદ એ તમામ મિલકતનો નીચે મુજબ વહીવટ ચલાવવો.

૩ માહારા મુઆ બાદ એ તમામ મીલકત મારી બેહેનના છોકરા દુલભ જેગાજીએ માલિકપણાના હકથી પોતાના કબજામાં લઈ હું જેવી રીતે વહીવટ કરતો તેવી રીતે તેણે વારસપણાના હકથી વહીવટ ચલાવવો. તેમાં કોઇથી હરકત થાય નહિ.

૪) જો પ્રભુ સતાથી હું વહેલો ગુજરી જાઊં, અને મારી છોકરી જમનાનું લગન કરવું રહી જાય, તો તે મારા ભાણેજ દુલભ જેગાજીએ કરવું અને તે લાયક ઊમ્મરની થાય, ત્યારે ઊપર જણાવેલી મારી પુંજીમાંથી રૂપીયા ૨,૦૦૦) અંકે બે હજાર છોકરીને આપવા.

૫) હું મુઆ બાદ મારી સર્વે મિલકતનો વારસ માલિક મારા ભાણેજ દુલભ જેગાજીને મેં કર્યો છે, માટે તેણે તમામ મિલકત લેવી, અને તેમાંથી નીચે લખ્યા પ્રમાણેના રૂપીઆ તેઓને જે હું આપવાનો ઠરાવ કરૂં છું, તે

આપવા.

૧૦૦૦) મારી બેન નામે માનો છે, તેનાં લુગડાં વિગેરે સારૂં ૧૦૦૦) અંકે એક હજાર આપવા. એ રૂપિઆ તેના નજરમાં આવે તે રીતે વાપરવા તે મુખત્યાર છે.

૧૦૦૦) મારા ધર્મનું દેવલ જે ગણદેવીમા છે, અને જેની હું હમેશ પુંજા કરતો, તથા જેના પ્રતાપથી મને ઊપર મુજબની પુંજી મળી છે, તે દેવળમાં રૂ૦ ૧૦૦૦) અંકે એક હજાર આપવા, તે એવી રીતે કે, એ રૂપિઆ વ્યાજે મુકી તેનું વ્યાજ આવે તેમાંથી એકાંતરે વર્ષે કારતક સુદ ૧૫) ને રોજે મારા નીમેલા પાંચ ગામના લોકોને સંત તરીકે જમાડવા.

૨૦૦) મારા નામથી વ્યાજે મુકી, તેના વ્યાજમાંથી દર સાલ ભાદરવા સુદ ૩ ને રોજે પારણું જમાડવું. એ સિવાય હું મુવા બાદ એ દુલભ જોગાજીએ પોતાની જ્ઞાતિ પ્રમાણે મારો મૈયત ખર્ચ કરવો, અને રૂપિયા ૨૦૦ સુધી ખરચવા. હું મુવા બાદ મારી મા બાઈ લક્ષ્મી જે વૃદ્ધ ઊમરની છે, તે, ને મારી મામી અમૃત કરીને જે મારી સાથે રહેતી હતી, તેને દુલભ મજકુરે પોતાના સાથે રાખી ખોરાકી પોશાકી પુરી પાડવી, તથા મારી છોકરી જમના લાયક ઉમરની થાય, ત્યાં સુધી તેનું પોષણ કરવું. અને તેનો કંઇ ખરચ ખુટણ આવે, તે તેને આપવો, ને રૂ ૨૦૦૦) આપવા. ઠરાવેલી હયાતી બાદ ઊપર મુજબની વ્યવસ્થા કરવા, મેં આ વિલ યાને વસિયતનામું કર્યું છે તેમાંથી એ દુલભ મજકુરે જેવી રીતનો હું માલિક મુખત્યાર છું, તેવી રીતે માલિકપણાથી મારા તમામ મિલકત તથા લોકો પાસેથી લેણું વસુલ કરવાને જે ઠરાવ કર્યો છે, તે સિવાયનું કાજલ રહે, તેનો ઉપયોગ દુલભ મજકુરે પોતાની મરજી માફક કરવો. તેમાં મારા ભાગીઆઓ તરફથી હરકત થાય નહિં. મારે કોઈનું દેવું નથી, અને જે જે લોકો પાસે મારૂં લેણું છે, તે લેવાને એ દુલભ મજકુર જાય, તેને કોઇથી હરકત થાય નહિં અને જે કોઈ વાંધા કહે, તો તે આ વિલનામાંથી રદ થાય સહી.

આ વિલ યાને વસિયતનામું મેં મારી રાજી ખુસી તથા અકલ હોશિઆરીથી તથા તનદુરસ્તીથી લખી આપ્યુ છે, તે કબુલ મંજુર સહી. દા૦ ભીમભાઈ દુલભજી.

અત્ર ——— મતું	તત્ર ——— શાખ.
શા. ભીખા ભીખાજી મતું ૧ ઊપર લખ્યા પ્રમાણે સહી	શા. જેઠા અમદાજી શાખ દા૦ પોતાના.

RECEIPT.

પાવતી અથવા પહોંચ.

સંવત ૧૯૪૦ના ચૈત્ર શુદ ૫ને વાર સોમે. તારીખ ૩૧મી માર્ચ સને ૧૮૮૪ અંગ્રેજી દિને તાલુકે જલાલપુરનું ગામ મોજે આગ્રામાના રેહેનાર શા૦ લખાજી જીવાજી જાતના શ્રાવક વાણિઆ ઊમર આશરે વર્ષ ૫૫ની ધંદો વ્યાજુનો. જત હું કસબે નવસારીના શા૦ વીરચંદ પ્રેમજી જાતના શ્રાવક વાણિઆ ઊમર આશરે વર્ષ ૩૦ની ધંધો વ્યાજુનો. હું તમોને લખી આપું છું કે, તમોએ આજ રોજે મારી દુકાનેથી નીચે મુજબનો સામાન લીધો છે, તેની વિગતઃ–

૬૫) ખાંડ મણ ૧૦) દસ દર મણ એકના ૬॥ લેખે રૂ૦ ૬૫) પાંસેઠની.

૪૧) ઘઊં ગાલી ૧) દર ગાલીના રૂ ૪૧) એકતાલીશ.

૨૫) ચોખા મણ ૨૦) વીસ દર મણના રૂ ૧। લેખે રૂ ૨૫) પચીશના.

એના નાણા રોકડ રોકડાં આજ રોજે તમોએ મને ગણી આપયા છે તે મને પહોંચ્યા છે અને તેની રસીદ યાને પહોંચ યાને પાવતી લખી આપી છે તે કબુલ મંજુર છે દા૦ ઝવેરચંદ મોતીશાહના છે.

અત્ર ——— મતુ.	તત્ર ——— શાખ.
શા૦ વીરચંદ પ્રેમાજી મતુ ૧. ઊપર લખ્યા પ્રમાણે સહી દા૦ પોતાના છે.	દેશાઈ રૂખનાથજી મુંદરજી શાખ દા૦ પોતાના.